VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

(Accredited B++ equivalent to Five Star status by NAAC)

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

Fax : (0261) 2227312 **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

Gram : VNSGU **તાર** : વીએનએસજીયુ

E-mail : sgu@sguernet.in

ખાનગી **સિન્ડિકેટની સામાન્ય સભા**

ફકત સભ્યોની જાણ માટે **તા. ૯ – ૬ – ૨૦૦૯**

સિન્ડિકેટની સામાન્ય સભા મંગળવાર, તા. ૯ – ૬ – ૨૦૦૯ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

: <u>કાર્યવાહી</u> :

ક્રમ	સભ્યોના નામ	તા. ૯ – ૬ – ૨૦૦૯
૧.	ડૉ. બી. એ. પ્રજાપતિ (મા. કુલપતિશ્રી)	હાજર
૨.	–––	––
૩.	ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ.	ગેરહાજર
૪.	ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ.	ગેરહાજર
૫.	ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ.	ગેરહાજર
૬.	આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ	હાજર
૭.	આ. ડૉ. કિશોરકુમાર નટવરસિંહ ચાવડા	હાજર
૮.	શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ	હાજર
૯.	ડૉ. સગુણા પાથી	ગેરહાજર
૧૦.	શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા	હાજર
૧૧.	શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ	હાજર
૧૨.	શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા	હાજર
૧૩.	શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા	હાજર
૧૪.	શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા	હાજર
૧૫.	–	–
૧૬.	–	–
૧૭.	શ્રી દિનેશભાઈ દેવશીભાઈ દાસા	હાજર
૧૮.	ડૉ. ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ	હાજર
૧૯.	ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈ	હાજર
૨૦.	ડૉ. મોહિનીબેન ગઢિયા	હાજર

શોક દર્શક ઠરાવ

૧. સ્વ. ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક :

સામાજીક કાર્યકર્તા અને ધારાસભ્યશ્રી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવેલ હોય, તેમના અચાનક થયેલ દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

૨. સ્વ. એરચભાઈ જમશેદજી પટેલ :

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ સેનેટ/સિન્ડિકેટ સભ્યશ્રી અને એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોમર્સ કોલેજ,નવસારીમાં આચાર્યશ્રી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવેલ હોય, તેમના અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

નવી સિન્ડિકેટના સર્વ સભ્યોનું માનનીય કુલપતિશ્રીએ પુષ્પ ગુચ્છથી અભિવાદન કર્યુ હતું.

૧. સિન્ડિકેટ તા. ૪ – ૨ – ૨૦૦૯ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૪– ૨ – ૨૦૦૯ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

બાબત ક્રમાંક : (૩)

શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯ – ૨૦૧૦ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજના જોડાણ માટે કોઈ ટ્રસ્ટ/ મંડળ માંગણી કરે તો તેમની જોડાણઅરજી/ પત્રકો આપવા/ સ્વીકારવા કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

(નોંધ: શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૨૦૦૭, ૨૦૦૭ – ૨૦૦૮ અને ૨૦૦૮ – ૨૦૦૯ માટે યુનિવર્સિટી કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજનાં જોડાણ માટે સિન્ડિકેટે તેની તા. ૨૬–૧૦–૨૦૦૫ ની સભામાં બાબત ક્રમાંક : (૫), તા.૮–૯–૨૦૦૬ ની બાબત ક્રમાંક : (૧૩) અને તા.૮–૧૦–૨૦૦૭ ની સભામાં બાબત ક્રમાંક : (૧૬) અન્વયે, વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈ. વર્ષ ૨૦૦૬–૨૦૦૭, ૨૦૦૭–૨૦૦૮ અને ૨૦૦૮–૨૦૦૯ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર સ્વનિર્ભર સંસ્થા/ કોલેજનું નવું જોડાણ કોઈને આપવું નહી અને નવા અરજીપત્રક આપવા/ સ્વીકારવા નહી. વધુમાં ગ્રાન્ટેડ અભ્યાસક્રમની કોઈ જોડાણ અરજી આવે તો તેને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ઠરાવ વધુ શૈ. વર્ષ : ૨૦૦૯ – ૧૦ માટે યથાવત લંબાવવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિ. સંલગ્ન S f I યુ.જી./ પી. જી. કોલેજોનું સેન્ટ્રલ એડમીશન શૈ. વર્ષ : ૨૦૦૯ – ૧૦ દરમ્યાન કરવું અને તે માટે નીચેના સભ્યશ્રીઓની સમિતિ નિમવી.

(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) આ. શ્રી જે. એમ. નાયક (૩) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ

ને બદલે

બાબત ક્રમાંક : (૩)

શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯ – ૨૦૧૦ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજના જોડાણ માટે કોઈ ટ્રસ્ટ/ મંડળ માંગણી કરે તો તેમની જોડાણઅરજી/ પત્રકો આપવા/ સ્વીકારવા કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

(નોંધ: શૈક્ષણિક વર્ષ ૨૦૦૬–૨૦૦૭, ૨૦૦૭ – ૨૦૦૮ અને ૨૦૦૮ – ૨૦૦૯ માટે યુનિવર્સિટી કાર્યક્ષેત્ર બહાર નવી કોઈ કોલેજનાં જોડાણ માટે સિન્ડિકેટે તેની તા. ૨૬–૧૦–૨૦૦૫ ની સભામાં બાબત ક્રમાંક : (૫), તા.૮–૯–૨૦૦૬ ની બાબત ક્રમાંક : (૧૩) અને તા.૮–૧૦–૨૦૦૭નીસભામાં બાબત ક્રમાંક : (૧૬) અન્વયે, વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈ. વર્ષ ૨૦૦૬–૨૦૦૭, ૨૦૦૭–૨૦૦૮ અને ૨૦૦૮–૨૦૦૯ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં કાર્યક્ષેત્ર બહાર સ્વનિર્ભર સંસ્થા/ કોલેજનું નવું જોડાણ કોઈને આપવું નહી અને નવા અરજીપત્રક આપવા/ સ્વીકારવા નહી. વધુમાં ગ્રાન્ટેડ અભ્યાસક્રમની કોઈ જોડાણ અરજી આવે તો તેને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ઠરાવ વધુ શૈ. વર્ષ : ૨૦૦૯ – ૧૦ માટે યથાવત લંબાવવો.

ટ્રસ્ટની કોલેજ બંધ કરવાનાં નોર્મ્સ બનાવવા માટે સઘળા પાસાનો અધ્યયન કરવા માટે સદર સમિતિને સોંપવું અને ફાઈનલ થયા બાદ સિન્ડિકેટ સમક્ષ રજુ કરવું.

(૧) શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા (૨) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૩) આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ

વાંચનમાં લેવું

<u>બાબત ક્રમાંક : (૧૪)</u>

યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓની વિવિધ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓની પરીક્ષાઓમાં સૌથી વધુ ગુણ મેળવતાં વિદ્યાર્થીઓઓને ગોલ્ડ મેડલ/પારિતોષિક એનાયત કરવામાં આવે છે. વિવિધ પરીક્ષાઓ પૈકીની અમુક પરીક્ષાઓમાં એક કરતાં વધુ દાતાઓએ તેઓએ નકકી કરેલાં નામ અને શરતોએ મેડલ/પ્રાઈઝ આપવામાં આવે જ છે.

હવે, એક જ પરીક્ષામાં એક કરતાં વધુ મેડલ/પ્રાઈઝ મેળવનાર વિદ્યાર્થીઓ માટે સિન્ડિકેટે તેની તા.૨૯–૫–૦૪ ના ઠરાવ ક્રમાંક – ૪૬ થી એક કમિટિ બનાવી હતી. સદરહુ કમિટિએ નીચે મુજબ ઠરાવ્યું હતું અને તે ઠરાવ સિન્ડિકેટની તા.૨૨–૯–૨૦૦૪ ની સભામાં યથાવત્ મંજુર કરવામાં આવ્યો હોય યુનિવર્સિટીની અન્ય ફેકલ્ટીઓમાં એક જ ટર્મ્સ એન્ડ કન્ડીશનને આધારે જુદા જુદા દાતાઓ પાસેથી એક જ પરીક્ષામાં એક કરતાં વધારે મેડલ/પ્રાઈઝ આપવામાં આવતો હોય, તા.૨૨–૯–૨૦૦૪ ના રોજની સિન્ડિકેટે કરેલાં નીચે મુજબના ઠરાવ પર પુનઃ વિચારણા કરવા બાબત.

ઠરાવ :–

(૧) જે પરીક્ષા/વિષયમાં ગોલ્ડ મેડલ/પ્રાઈઝ જ અપાતાં હોય તેમાં નવા મેડલ/પ્રાઈઝ દરખાસ્ત/દાન સ્વીકારવા નહીં.

(૨) ગોલ્ડ મેડલ/પ્રાઈઝ માટે અનુક્રમે રૂા. ૨૫,૦૦૦/– થી વધારીને રૂા. ૭૫,૦૦૦/– તથા રૂા.૧૦,૦૦૦/– થી વધારીને રૂા. ૩૦,૦૦૦/– કરવા.

જેનાં દાન આવેલ છે અને સિન્ડિકેટ દ્વારા મેડલ આપવાનું સ્વીકારવામાં આવ્યું નથી તેવા દાતાઓને પત્રથી પુછાવીને તેઓ ઉપરની વધારાની રકમ દાનથી આપવા તૈયાર હોય તો તેમના નામના મેડલ રૂા. ૭૫,૦૦૦/– થી અપાશે અને પ્રાઈઝ રૂા. ૩૦,૦૦૦/– ની રકમથી અપાશે.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વહીવટી મેડલ અને પારિતોષિક ખર્ચની પ્રવર્તમાન જોગવાઈ રદ કરવી અને વ્યાજની વધારાની રકમ મૂળ રકમમાં ઉમેરવી.

ને બદલે

:: આથી ઠરાવવામાં આવે છે કે, વહીવટી મેડલ અને પારિતોષિક ખર્ચની પ્રવર્તમાન જોગવાઈ રદ કરવી અને વ્યાજની વધારાની રકમ મૂળ રકમમાં ઉમેરવી.

<u>વધુમાં ઠરાવવામાં આવે છે કે, મેડલની રકમમાંથી મળતા વ્યાજ પર ૫% વહીવટી ખર્ચની જોગવાઈ રદ કરવી અને સદરહુ વહીવટી ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવો.</u>

વાંચનમાં લેવું

૨. સિન્ડિકેટ તા. ૨ – ૩ – ૨૦૦૯ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૨– ૩ – ૨૦૦૯ની સામાન્ય સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવી.

૩. મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

૩.૧. યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગો દ્વારા ચલાવવામાં આવતાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં શૈક્ષણિક જગાઓ ભરવા અંગે સિન્ડિકેટ તા.૧૩–૧૨–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૩૯) માં ઠરાવ્યાનુસાર યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં રોસ્ટર (અનામતનિતિ) નો અમલ કરવો. જેના અનુસંધાનમાં તા.૨–૪–૨૦૦૮ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬) થી ઠરાવ્યાનુસાર અનામત અને રોસ્ટર બાબતે જરૂરી ફેરફાર કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવેલ જે સબબ બે શૈક્ષણિક જગાનો બાયોટેકનોલોજી અભ્યાસક્રમમાં વધુ નિમણૂંક કરવા તથા વિષયમાં ફેરફાર કરી જાહેરાત આપી અરજીઓ મંગાવવા મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત..

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

૩.૨. જુદાજુદા વિષય/ફેકલ્ટી હેઠળ એમ.ફિલ અને પીએચ. ડી. પદવી માટે સંશોધન કરનાર વિદ્યાર્થીઓના પરિણામ (By Result Notification) જાહેર કરવા સિન્ડિકેટના તા.૧૫–૦૬–૧૯૯૮ ના ઠરાવ નં.–૩ અન્વયે કુલપતિશ્રીને સત્તા આપેલ હોય, તે મુજબ તા.૦૧–૦૪–૨૦૦૮ થી ૩૧–૦૩–૨૦૦૯ ના સમયગાળા દરમ્યાન આ સાથે બિડેલ યાદી મુજબના જે તે સંબંધકર્તા વિદ્યાર્થીઓના પરિણામ જાહેર કરવા બાબત કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા/જાણમાં લેવા બાબત..

(અનુસ્નાતક)

:: સદર બાબતની નોંધ લીધી.

૪. શિક્ષણ વિદ્યાશાખાની તા. ૨૪ – ૧૧ – ૦૮ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૨ થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>શિક્ષણ વિદ્યાશાખાની તા. ૨૪ – ૧૧ – ૦૮ ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧૨</u>

" હાલના સંજોગોમાં એમ.એડ્. ની પ્રવેશ પ્રક્રિયાના અધ્યક્ષ તરીકે શિક્ષણ વિદ્યાશાખાના ડીન ફરજ બજાવે છે તેને બદલે હવે પછી જયારે એમ.એડ્.ની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય ત્યારે બી.એડ્. કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિના જે અધ્યક્ષ હોય તેમને જ એમ.એડ્. પ્રવેશના અધ્યક્ષ તરીકેની કામગીરી સોંપવાનું અને તે અંગેની ભલામણ સિન્ડિકેટને કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. "

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિદ્યાશાખાની તા. ૨૪ – ૧૧ – ૦૮ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૨ નામંજુર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ વિભાગના (એમ.એડ્.)માં શૈક્ષણિક વર્ષ ગ્રાન્ટ–ઈન–એઈડની ૩૫ સીટ પર પ્રવેશ આપવો અને સેલ્ફ ફાયનાન્સ ૧૫ સીટ માટે નિમેલ કમિટિનો અંતિમ નિર્ણય લેવાય ત્યાં સુધી સ્થગિત રાખવી અને પ્રવેશ આપવો નહીં.

૫. એમ. એસ.સી બાયોટેકનોલોજી પાંચવર્ષીય અભ્યાસક્રમની એકઝીકયુટીવ કમીટીની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા. ૧૭ – ૧૧ – ૨૦૦૮ ના રોજ મળી હતી. તેમાં આગામી વર્ષ ૨૦૦૯–૨૦૧૦ થી ફી વધારા માટે કરાયેલી દરખાસ્ત પર વિચારણા કરવા બાબત. ઈ.સી. નો ઠરાવ નીચે મુજબ છે.

" The budget proposal for the year 2008-2009 is accepted. This is a deficit budget. The deficit is proposed to be equated by the increase of fees as per the following schedule. For U.G. Rs.20000/- per term and for P.G. Rs. 30000/- per term for applicants from the year 2009. The new fee structure shall be applicable only to the new batch and those, who are already studying shall be carried forward with the old fees structure, ie Rs. 15000/- per term for U.G. and Rs. 25000/- per term for P.G. "

(બાયોસાયન્સ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું તા. ૧૭ – ૧૧– ૨૦૦૮ના રોજ મળેલ એકઝીકયુટીવ કમીટીની ઉપરોકત ઠરાવથી કરેલ ભલામણ મંજુર કરવી.

૬. પરીક્ષા આચાર સમિતિની તા. ૨૩/ ૧/ ૨૦૦૯ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૩/ ૧/ ૨૦૦૯ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણ **પરિશિષ્ટ : " ક "** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજુર કરવી.

(પરિશિષ્ટ : " ક ")

૭. પરીક્ષા આચાર સમિતિની તા. ૨૦/ ૩/ ૨૦૦૯ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૦/ ૩/ ૨૦૦૯ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણ **પરિશિષ્ટ : " ખ "** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજુર કરવી.

(પરિશિષ્ટ : " ખ ")

૮. સને – ૨૦૦૯માં માર્ચ/ એપ્રિલ/ મે/ જૂન તથા ઓકટો/ નવે/ ડિસેમ્બર માસમાં લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓમા ગેરરિતી આચરવાના કિસ્સાઓ તપાસી યોગ્ય પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવા માટે પરીક્ષા આચાર સમિતિના સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.....

(૧) પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ
(૨) શ્રી સંજયભાઈ દેસાઈ
(૩) પ્રિ. જે. એમ. નાયક (સુરત)
(૪) પ્રિ. ડૉ. યુ. ટી. દેસાઈ
(૫) ડૉ. મોહિની ગઢીયા
(૬) ડૉ. અપૂર્વ દેસાઈ
(૭) પ્રિ. ડૉ. વિનોદભાઈ એન. પટેલ
(૮) ડૉ. કે. સી. પટેલ
(૯) પ્રિ.ડૉ. જે. એમ. નાયક (વલસાડ)
(૧૦) શ્રી જયકર પંડયા
(૧૧) શ્રી જે. પી. ગોહીલ

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત સભ્યોને નીમવા અને આ.શ્રી જે.એમ.નાયકને કન્વીનરશ્રી તરીકે નિમવા.

૯. યુનિવર્સિટીના અનુસ્નાતકના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં લેકચરર તરીકે તા.૨૦–૨–૦૪ ના રોજ બે વર્ષના અજમાયશી સમય માટે જોડાયેલ શ્રી વિમલ કે. ચૌધરીને સિન્ડિકેટ તા.૨૯–૪–૨૦૦૮ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૭) થી એક વર્ષનો અજમાયશી સમય લંબાવી આપેલ જે સબબ તા.૧૭–૨–૨૦૦૯ સુધીમાં પીએચ. ડી. ની પદવી મેળવી લેવા જણાવવામાં આવેલ જેના અનુસંધાને શ્રી ચૌધરીના તા.૨૦–૧–૨૦૦૯ ના પત્રથી કરેલ વિનંતી અંતર્ગત મા.કુલપતિશ્રી દ્વારા વધુ ત્રણ માસ માટે મુદત લંબાવી આપવામાં આવેલ છે જે સબબ શ્રી ચૌધરીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતકના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં લેકચરર તરીકે જોડાયેલ શ્રી વિમલ કે. ચૌધરીનો અજમાયશી સમય તા. ૩૦–૬–૨૦૧૧ સુધી લંબાવવો અને હવે પછી કોઈ પણ સંજોગોમાં સમય મર્યાદા લંબાઈ આપવામાં આવશે નહી.

૧૦. વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ, ચીખલી દ્વારા સંચાલિત સ્વનિર્ભર શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ. ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ, ચીખલીનું સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. સી. એ. નું નવું નામ નામકરણ " કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ " કરેલ છે તો નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીના તા. ૧૯–૩–૨૦૦૯ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ. ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ, ચીખલીનું નામ યથાવત રાખવું** અને બી.સી.એ. અભ્યાસક્રમ માટે બે વર્ષમાં અલાયદુ મકાન બનાવવામાં આવે તે શરતે ફકત બી.સી.એ. કોલેજનું નવું નામ **" કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ "** રાખવા મંજૂરી આપવી.

૧૧. પી. એચ. ડી. સંશોધન સમયગાળો ૬ વર્ષનો પૂરો થવાથી તૃપ્તી અલમોરાની Re- consider કરવા અંગેની તા. ૧૩–૨–૦૯ ની અરજી પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પી. એચ. ડી. સંશોધન સમયગાળો નિયમ મુજબની ફી ભરવાની શરતે ૨ (બે) ટર્મ સુધીનો વધારી આપવો.

૧૨. યુનિવર્સિટી સેનેટે તેની તા. ૨૫–૩–૨૦૦૯ ના રોજ મળેલ વાર્ષિક સભામાં સને ૨૦૦૮–૨૦૦૯ નું સુધારેલ તથા સને ૨૦૦૯–૨૦૧૦ ના અંદાજપત્રને સર્વાનુમતે મંજુરી આપવામાં આવેલ હોય યુનિવર્સિટી ધારાની કલમ– ૫૦ (૪) મુજબ અંદાજપત્રને આખરી મંજૂરી આપવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટે તેની તા. ૨૫–૩–૨૦૦૯ના રોજ મળેલ વાર્ષિક સભામાં સને ૨૦૦૮ – ૨૦૦૯નું સુધારેલ તથા સને ૨૦૦૯–૨૦૧૦ના અદાંજપત્રની સર્વાનુમત્તે નોંધ લીધી હોવાથી યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૪) મુજબ અંદાજપત્રને હવે આખરી મંજૂરી આપવી.

૧૩. સને ૨૦૦૭–૨૦૦૮ ના વર્ષનો યુનિવર્સિટીનો ૪૨ મો વાર્ષિક અહેવાલ, સેનેટની તા.૨૫–૩–૨૦૦૯ ના રોજ મળેલ વાર્ષિક સભામાં ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમત્તે મંજુર કરવામાં આવ્યો હોઈ, યુનિવર્સિટી ધારાની કલમ–૫૧ અન્વયે પ્રસ્તુત વાર્ષિક અહેવાલને આખરી મંજૂરી આપવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૭–૨૦૦૮ ના વર્ષનો યુનિવર્સિટીનો ૪૨ મો વાર્ષિક, સેનેટની તા. ૨૫–૩–૨૦૦૯ના રોજ મળેલ વાર્ષિક સભામાં ચર્ચા – વિચારણાને અંતે સર્વાનુમત્તે મંજુર કરવામાં આવ્યો હોઈ, યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ અન્વયે પ્રસ્તુત વાર્ષિક અહેવાલને આખરી મંજૂરી આપવી.

૧૪. યુનિવર્સિટીના સ્ટેટયુટ – ૧૯૭ અનુસાર સિન્ડિકેટના સભ્યો નહી હોય એવા સેનેટના પાંચ સામાન્ય સભ્યો સને ૨૦૦૯–૨૦૧૦ (એટલે કે તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦) ના નાણાકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટ પર નિમણૂંક કરવાની હોઈ, જે પૈકીના ચાર સભ્યોને બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યાં છે. બોર્ડ ઓફ એકાઉન્ટસનાં પાંચ સભ્યો પૈકીના એક સભ્યની ઉપર જણાવ્યા મુજબ નિમણૂંક કરવાની બાકી રહેતી હોય, વિચારણા કરવા બાબત.

(૧) શ્રી કિરીટસિંહ જશવંતસિંહ વાસદિયા, સુરત.

(૨) શ્રી અમૃતભાઈ નાથાલાલ ત્રિવેદી, સુરત.

(૩) શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત, સુરત.

(૪) શ્રી જીગ્નેશ ઉમાકાંત કોન્ટ્રાકટર, સુરત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ એકાઉન્ટસનાં પાંચ સભ્યો પૈકીના એક સભ્ય તરીકે સ્ટેટયુટ ૨૦૨ (સી) ની જોગવાઈ અન્વયે શ્રી નિશાંત મોદીની બાકીના સમય માટે નિમણૂંક કરવી.

૧૫. સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર), સુરતમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦–૨૦૧૧ થી ૭ (સાત) નવા પી.જી. વિષયો શરૂ કરવા તથા ચાલુ ૬ (છ) પી.જી. બ્રાન્ચોમાં સીટ (બેઠકો) વધારવા માટે Medical Council Of India ના નિયમ મુજબ તા. ૧–૫ થી ૩૦–૬–૨૦૦૯ સુધીમાં ગર્વમેન્ટ ઓફ ગુજરાતમાં અરજી તથા Essentiality / Feasibility Certificate મેળવવા તેમજ ત્યારપછી મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીની મંજૂરી મેળવવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ૭ (સાત) નવા પી.જી. વિષયો શરૂ કરવા તથા ચાલુ ૬ (છ) પી.જી. બ્રાન્ચોમાં સીટ (બેઠકો) વધારવા માટે દરેક બ્રાન્ચ/વિષયદીઠ અલગ–અલગ **Consent of Affiliation** યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ છે. સરકારશ્રીમાંથી એસેસ્યાલીટી સર્ટીફીકેટ મેળવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હોય જેમાં કન્સેન્ટ ઓફ એફીલીયેશન સાથે **RESOLUTION OF SYNDICATE TO START PG COURSE** ના ઠરાવની નકલની પણ જરૂરીયાત હોય તે આપવાની વિનંતી કરતા સદરહું સંસ્થાના ડીનશ્રી કલ્પના એ. દેસાઈના તા. ૨૧/૩/૨૦૦૯નાં પત્રાંક : સ્મીમેર/૪૮૮૫ ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાની દરખાસ્ત મુજબ સિન્ડિકેટનો ઠરાવ (Consent of Affiliation) આપવો અને સંસ્થામાં ખાલી રહેલી શૈક્ષણિક જગ્યાઓ તાત્કાલિક ભરી જાણ કરવા સંસ્થાને જણાવવું.

૧૬. યુનિવર્સિટીના મેથેમેટીક્સ વિભાગના એમ. એસ. સી. ભાગ–૧ અને ભાગ–૨ ના નીચેના બે વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમ.	વિદ્યાર્થીનું નામ	કુલ લેકચર	મીનીમમ લેકચર રીકવાર્યડ	વિદ્યાર્થીની હાજરીના ટકા	ખૂટતી હાજરીના ટકા
૧.	ખાદીવાલા રૂપલ પી.	૧૦૦ %	૭૫ %	૩૮.૪૦ %	૩૬.૬૦ %
૨.	પટેલ પ્રીતી મનોજભાઈ	૧૦૦ %	૭૫ %	૪૭.૭૭ %	૨૭.૨૩ %

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના મેથેમેટીક્સ વિભાગના એમ. એસ. સી. ભાગ–૧ અને ભાગ–૨ ના નીચેના બે વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી કોન્ડોન કરવી નહીં.

૧૭. હિસાબી વિભાગ દ્વારા સંચાલિત નાણાં સમિતિની તા. ૧૭–૪–૨૦૦૯ના રોજની સભાની કાર્યવાહીની બાબત ક્રમાંકઃ ૨ અને ૩ (૧) થી ૩ (૭) પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હિસાબી વિભાગ દ્વારા સંચાલિત નાણાં સમિતિની તા. ૧૭–૪–૨૦૦૯ના રોજની સભાની કાર્યવાહીની બાબત ક્રમાંકઃ ૨ અને ૩ (૧) થી ૩ (૭)ને **પરિશિષ્ટમાં " ગ "** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજુર કરવી.

(પરિશિષ્ટ " ગ ")

૧૮. યુનિવર્સિટીના એમ. બી. એ. વિભાગના **F.T. (SPM. IV માં)** અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી દોડિયા હરિસિંહ કે. ની ખૂટતી હાજરી કોન્ડોન કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમ.	વિદ્યાર્થીનું નામ	કુલ લેકચરર	મીનીમમ લેકચર રીકવાર્યડ	વિદ્યાર્થીની હાજરીના ટકા	ખૂટતી હાજરીના ટકા
૧.	દોડિયા એચ. કે.	૧૦૦ %	૭૫ %	૪૫.૩૫ %	૨૯.૬૫ %

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એમ. બી. એ. વિભાગના **F.T. (SPM. IV માં)** અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી દોડિયા હરિસિંહ કે. ની ખૂટતી હાજરી કોન્ડોન કરવી નહીં.

૧૯. યુનિવર્સિટીના અનુસ્નાતકના આંકડાશાસ્ત્ર વિભાગમાં રીડર તરીકે બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક પામી તા.૧–૧૧–૨૦૦૬ના રોજ આ યુનિવર્સિટીમાં જોડાયેલ ડૉ. આરતીબેન રાજયાગુરૂની સેવાના અજમાયશી સમય બે વર્ષ તા. ૧–૧૧–૨૦૦૮ના રોજ પૂરો થયેલ છે, જેના સંદર્ભે ડૉ. રાજયાગુરૂને રીડરની જગા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતકના આંકડાશાસ્ત્ર વિભાગમાં રીડર તરીકે બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક પામી તા.૧–૧૧–૨૦૦૬ના રોજ આ યુનિવર્સિટીમાં જોડાયેલ ડૉ. આરતીબેન રાજયાગુરૂની સેવાના અજમાયશી સમય બે વર્ષ તા.૧–૧૧–૨૦૦૮ના રોજ પૂરો થયેલ છે, જેના સંદર્ભે ડૉ. રાજયાગુરૂને રીડરની જગા પર કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનો ખાનગી અહેવાલ **(C.R.)** દર વર્ષે ભરવાની પ્રથાનો અમલ તાત્કાલિક અસરથી કરવો ખાનગી અહેવાલના નિયમો નિયત કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૦. સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી વિનયન, વાણિજય, વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને પૂર્વ સ્નાતક કક્ષાએ ફીનું માળખુ નકકી કરવા સિન્ડિકેટે તેની તા.૧૬–૭–૦૮ની સભામાં ઠરાવ ક્રમાંકઃ ૩૦ અન્વયે મા. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નીમેલ સમિતિએ તેની તા. ૭–૦૫–૦૯ની સભામાં કરેલ ઠરાવ પ્રમાણે ફી ના ધોરણો પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે **પરિશિષ્ટ : " ઘ "** મુજબની ફીના ધોરણો મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો સંસ્થા સરકારી/ અર્ધસરકારી અથવા ગ્રાન્ટ – ઈન – એઈડ સંસ્થાનું મકાન સ્વનિર્ભર કોર્સ માટે વાપરતા હોય ત્યારે તેઓ દ્વારા ચલાવાતા આવા દરેક સ્વનિર્ભર અભ્યાસક્રમની **પરિશિષ્ટ : " ઘ "** માં નિયત ટયુશન ફી કરતાં ૨૫ % ઓછી ટયુશન ફી વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે જેનો અમલ ૨૦૦૯ – ૨૦૧૦નાં શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

વધુમાં સદર સંસ્થાએ સ્વનિર્ભર અભ્યાસક્રમ માટેં સ્વતંત્ર મકાન બનાવવાનું રહેશે અને તેનું આયોજન તથા મકાન બાંધકામ કાર્ય કયારે પૂર્ણ થશે તેની સંપૂર્ણ વિગતો સાથે યુનિવર્સિટીને જાણ કરવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડાયરેકટર/ આચાર્ય, લેકચરર, લાયબ્રેરીયન, ફીઝીકલ એજયુકેશન વગેરેની સ્વનિર્ભર સંસ્થામાં જગ્યા ભરાયેલ ન હોય તેને **<u>તા. ૩૧મી ઓગસ્ટ ૨૦૦૯</u>** સુધીમાં ભરવાની રહેશે અન્યથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની ખાલી જગ્યાઓ ભરવા કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા હાથ ધરશે અને તે સંલગ્ન દરેક સ્વનિર્ભર સંસ્થાને બંધન કર્તા રહેશે અને તે અંગેનો તમામ ખર્ચ સંસ્થાઓએ સંયુકત રીતે ભોગવવાનો રહેશે. સરકારી, અર્ધસરકારી અને ગ્રાન્ટ – ઈન – એઈડ સંસ્થાઓ દ્વારા ખાલી જગ્યાઓ તો **<u>તા.૩૧મી ઓગસ્ટ ૨૦૦૯</u>** સુધીમાં નહીં ભરવામાં આવે તો તેઓના જોડાણ સ્થગીત કરવા અંગે તથા આ સંદર્ભે ગ્રાન્ટ સ્થગિત કરવા ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી સાથે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(પરિશિષ્ટ : " ઘ ")

૨૧. યુનિવર્સિટીના **Mass Communication** પ્રોગ્રામ અને **P.G. Diploma in Journalism** પ્રોગ્રામમાં તા.૧૯ – ૧૨ – ૦૮ થી **EC** માં નકકી થયેલ ફી માં શૈક્ષણિક વર્ષ: ૨૦૦૯–૨૦૧૦ થી **Study Tour** ફી પેટે અનુક્રમે ૨૦૦૦/– અને ૫૦૦/– લેવામાં આવે છે તે લેવાનું ૨૬ કરવા કોર્ડિનેટર તરફથી આવેલ તા.૨૨–૪–૦૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના **Mass Communication** પ્રોગ્રામ અને **P.G. Diploma in Journalism** પ્રોગ્રામમાં તા.૧૯ – ૧૨ – ૦૮ થી **EC** માં નકકી થયેલ ફી માં શૈક્ષણિક વર્ષ: ૨૦૦૯–૨૦૧૦ થી **Study Tour** ફી પેટે અનુક્રમે ૨૦૦૦/– અને ૫૦૦/– લેવામાં આવે છે તે લેવાનું ૨૬ કરવા કોર્ડિનેટરના તા. ૨૨–૪–૨૦૦૯ના પત્રથી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી.

૨૨. એમ.એસસી(આઈ.ટી) પ્રોગ્રામના ઈ.ચા.ડાયરેકટરશ્રી એસ.વી.પટેલના તા. ૨૨ – ૦૪ – ૨૦૦૯ના પત્ર અન્વયે એમ. એસસી (આઈ. ટી.) માં પ્રવેશ કવોટા, પ્રોસ્પેકટર ફી, એનઆરઆઈ/ એનઆરઆઈ સ્પોન્સર્સ બેઠકો અંગે ફીનું માળખું સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા.૫ – ૫ – ૨૦૦૯ની સભાએ બાબત ક્રમાંક – ૨૩૯ અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૫–૫–૨૦૦૯ની ભલામણ ક્રમાંક – ૨૩૯</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી(આઈ.ટી) પ્રોગ્રામના ઈ.ચા.ડાયરેકટરશ્રી એસ.વી.પટેલના તા. ૨૨ – ૦૪ – ૨૦૦૯ના પત્રનો સ્વીકાર કરવો અને આગળની જરૂરી કાર્યવાહી અર્થે મંજુરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે.

(i) પ્રવેશ કવોટા : – (૧) ફકત એચ.એસ.સી. બોર્ડના દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે જ ૧૦૮ સીટ ફાળવવી.

(૨) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના અધર બોર્ડના વિદ્યાર્થીઓ માટે જ ૬ સીટ ફાળવવી.

(૩) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર સિવાયના વિદ્યાર્થીઓ માટે ૬ સીટ ફાળવવી.

(૪) એમ. એસસી. આઈ. ટી.માં એન. આર. આઈ/ એન. આર. આઈ. સ્પોન્સર્ડ ની ૬ સીટ અને એમ. એસસી. આઈ. સી. ટી. માં ૩ સીટ ફાળવવી.

(ii) પ્રોસ્પેકટ ફી : – દરખાસ્ત મુજબ મંજૂર કરવી.

(iii) NRI/ NRI ની સ્પોન્સર્ડ સદર ફી નીચે દર્શાવ્યા મુજબ યુ. એસ. ડોલર્સ માંજ સ્વીકારવી
UG. 2000/-, PG. 2500/-

(iv) Miscellanneous fee :

1.University development fees	:Rs 50/ semester
2.Sports complex fees	:Rs 20/ semester
3.Student Gymkhana fees	:Rs 50/ semester
4.Placement fees	:Rs 50/ semester
5.Identity card (Laminated)	:Rs 30/ semester (For one time only)

(પરિશિષ્ટ : " ચ ")

૨૩. શૈક્ષણિક વર્ષ: ૨૦૦૯ – ૧૦ થી અમલમાં આવનાર ૨ વર્ષનો અનુસ્નાતક પ્રોગ્રામ એમ.એસસી.– એપ્લાઈડ મેથેમેટીકસનો અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સિલે તા.૨૮–૧–૨૦૦૯ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩૮ અન્વયે મંજૂર કરેલ છે. સદર અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીકસમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૦૯ – ૧૦ થી શરૂ કરવા બી.યુ.ટી. તા. ૨૪ – ૦૪ – ૨૦૦૯ની ભલામણ નં. ૪૬ પરત્વે વિચારણા કરવા બાબત.

<u>બી.યુ.ટી. તા. ૨૪–૦૪–૨૦૦૯ની ભલામણ નં. ૪૬</u>

:: એકેડેમિક કાઉન્સિલે તા. ૨૮–૦૧–૨૦૦૯ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩૮ અન્વયે મંજૂર કરેલ ૨૦૦૯–૧૦ થી અમલમાં આવનાર ૨ વર્ષનો અનુસ્નાતક પ્રોગ્રામ એમ.એસસી.–એપ્લાઈડ મેથેમેટીકસની નોંધ લઈ ૨૦૦૯–૧૦ થી શરૂ કરવાની મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નિર્ણય લેવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટે એકેડેમિક કેલેન્ડર નકકી કરવા તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓની એક સભા તા. ૧૫–૦૫–૦૯ ના રોજ મળી હતી, જેમાં વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા કાનુન વિદ્યાશાખા હેઠળની નકકી કરેલ નીચે પ્રમાણેની સૂચિત સત્રવ્યવસ્થા પર વિચારણા કરવા બાબત.

<u>વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ – ૧૦ માટે સત્રવ્યવસ્થા</u>

અ.નં.	વિગત	તારીખ	
(૧)	શૈક્ષણિક કાર્યની શરૂઆત (૧) સ્નાતક કક્ષા (૨) અનુસ્નાતક કક્ષા / વિભાગો	સોમવાર, ૨૨–૦૬–૨૦૦૯	
(૨)	એનરોલમેન્ટ ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ	સાયન્સ સિવાયની તમામ વિદ્યાશાખા	સોમવાર,૩૧–૦૮–૨૦૦૯
		સાયન્સ	બુધવાર,૩૦–૦૯–૨૦૦૯
(૩)	અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ	બુધવાર, ૩૦–૦૯–૨૦૦૯	
(૪)	પ્રથમ આંતરિક કસોટી	ગરુવાર, ૦૧–૧૦–૨૦૦૯	
(૫)	ઓકટોબર – ડિસેમ્બર યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ **(Only Third Year)**	સોમવાર, ૩૧–૦૮–૨૦૦૯	
(૬)	ઓકટોબર – ડિસેમ્બર યુનિવર્સિટી પરીક્ષાઓ **(Only Third Year)**	સોમવાર, ૦૯–૧૧–૨૦૦૯	
(૭)	દિવાળી વેકેશન (સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે)	ગુરુવાર, ૧૫–૧૦–૦૯ થી બુધવાર, ૪–૧૧–૨૦૦૯	
(૮)	દ્વિતીય સત્રની શરૂઆત	કોલેજ	ગુરુવાર, ૫–૧૧–૨૦૦૯
		ડિપાર્ટમેન્ટ	ગુરુવાર, ૫–૧૧–૨૦૦૯
(૯)	દ્વિતીય આંતરિક કસોટી	સોમવાર, ૦૧–૦૨–૨૦૧૦	
(૧૦)	માર્ચ–જૂન યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ	ગુરુવાર, ૩૧–૧૨–૨૦૦૯	
(૧૧)	માર્ચ – જૂન યુનિવર્સિટી પરીક્ષાઓ	બી.એડ્.	ગુરુવાર, ૦૧–૦૪–૨૦૧૦ થી
		અન્ય	સોમવાર, ૧૫–૦૩–૨૦૧૦ થી
(૧૨)	દ્વિતીય સત્રનો અંત	કોલેજ	શનિવાર, ૨૪–૦૪–૨૦૧૦
		ડિપાર્ટમેન્ટ	શનિવાર, ૦૮–૦૫–૨૦૧૦
(૧૩)	ઉનાળુ વેકેશન	કોલેજ	૨૬–૦૪–૨૦૧૦ થી ૧૩–૦૬–૨૦૧૦
		ડિપાર્ટમેન્ટ	૧૦–૦૫–૨૦૧૦ થી ૧૩–૦૬–૨૦૧૦
(૧૪)	શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ –૧૧ ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ	સોમવાર, ૧૪–૦૬–૨૦૧૦	
(૧૫)	યુવક મહોત્સવ	(ત્રણ દિવસ) ૧૦–૧૧–૧૨ ડિસેમ્બર ૨૦૦૯	
(૧૬)	એન.એસ.એસ. કેમ્પ	દિવાળી વેકેશનમાં પૂરા કરવા (૧૫–૧૦–૨૦૦૯ થી ૪–૧૧–૨૦૦૯)	

FACULTY OF LAW (PROPOSED)

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટે સત્રવ્યવસ્થા

અ.નં.	વિગત	તારીખ	
(૧)	શૈક્ષણિક કાર્યની શરૂઆત (૧) સ્નાતક કક્ષા (૨) અનુસ્નાતક કક્ષા / વિભાગો	29-06-2009	
(૨)	એનરોલમેન્ટ ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ	સાયન્સ સિવાયની તમામ વિદ્યાશાખા	N.A.
		સાયન્સ	N.A.
(૩)	અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ	3rd September 2009	
(૪)	પ્રથમ આંતરિક કસોટી	N.A.	
(૫)	ઓકટોબર – ડિસેમ્બર યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ	15-10-2009	
(૬)	ઓકટોબર – ડિસેમ્બર યુનિવર્સિટી પરીક્ષાઓ Semesters Exams	Ist, IIIrd & Vth Seme. 17-11-2009 to 20-11-2009 IInd, IVth & VIth Seme. 23-11-2009 to 27-11-2009	
(૭)	દિવાળી વેકેશન (સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે) (Proposed)	10-10-2009 to 04-11-2009 (Proposed)	
(૮)	દ્વિતીય સત્રની શરૂઆત	07-12-2009	
(૯)	દ્વિતીય આંતરિક કસોટી	N.A.	
(૧૦)	માર્ચ–જૂન યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ	19 March 2010	
(૧૧)	માર્ચ – જૂન યુનિવર્સિટી પરીક્ષાઓ LL.B Semester Exams	IInd, IVth & VIth Sem. 19-04-2010 to 23-04-2010 Ist, IIIrd & Vth Sem. 26-04-2010 to 29-04-2010	
(૧૨)	દ્વિતીય સત્રનો અંત	08-05-2010	
(૧૩)	ઉનાળુ વેકેશન	10-05-2010 to 26-06-2010	
(૧૪)	શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ	28-06-2010	
(૧૫)	LL.M. Exams	Part I – 26-04-2010 to 01-05-2010 Part II - 03-05-2010 to 06-05-2010	

ACADEMIC CALENDER FOR MCA, M.Sc(Bio Informatics) & DCA OF THE ACADEMIC YEAR 2009-10

CLASS	TERMS		EXAMINATION	
	BEGINS	ENDS	BEGINS	ENDS
MCA SEM - I	15TH JUL	28TH NOV	30TH NOV	12TH DEC
MCA SEM - II	14TH DEC	10TH APR	12TH APR	30TH APR
MCA SEM - III	22ND JUN	15TH NOV	16TH NOV	4TH DEC
MCA SEM - IV	14TH DEC	10TH APR	12TH APR	30TH APR
MCA SEM-V	22ND JUN	15TH NOV	16TH NOV	4TH DEC
MCA SEM - VI	7TH DEC	5TH JUN	9TH JUN	11TH JUN
DCA SEM - I	15TH JUL	28TH NOV	30TH NOV	12TH DEC
DCA SEM-II	14TH DEC	10TH APR	12TH APR	30TH APR
M.Sc. Bio Informatics SEM-I	15TH JUL	28TH NOV	30TH NOV	12TH DEC
M.Sc. Bio Informatics SEM-II	14TH DEC	10TH APR	12TH APR	30TH APR
M.Sc. Bio Informatics SEM-III	22ND JUN	15TH NOV	30TH NOV	12TH DEC
M.Sc. Bio Informatics SEM-IV	14TH DEC	10TH APR	12TH APR	30TH APR

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટે એકેડેમિક કેલેન્ડર નકકી કરવા વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા કાનુન વિદ્યાશાખા હેઠળની નકકી કરેલ ઉપરોકત સૂચિત સત્રવ્યવસ્થા યથાવત મંજૂર કરવી.

૨૫. યુનિવર્સિટીના નીચે દર્શાવેલ અનુસ્નાતક વિભાગો દ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમમાં બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામી સ્વનિર્ભર ધોરણે જોડાયેલ હતા તેઓના નામ સામે જણાવેલ તારીખથી તેમની સેવાના અજમાયશી સમયના બે વર્ષ પૂરા થયેલ છે, જેના સંદર્ભે તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમ	શિક્ષકનું નામ	હોદ્દો	સ્વનિર્ભર પ્રોગ્રામ	જોડાયા તારીખ	કાયમ કરવાની તા.
૧.	ડૉ. તેજસ જોષી	વ્યાખ્યાતા	ફીજીકલ કેમેસ્ટ્રી	૨૪–૮–૨૦૦૬	૨૪–૮–૨૦૦૮
૨.	શ્રી ફ્રેડી આર. ઝવેરી	રીડર	એમ.બી.એ.	૨૯–૮–૨૦૦૬	૨૯–૮–૨૦૦૮

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો દ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ પૈકી ફીજીકલ કેમેસ્ટ્રી અને એમ. બી. એ.માં બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામી સ્વનિર્ભર ધોરણે જોડાયેલ ઉપરોકત શૈક્ષણિક કર્મચારીઓના નામ સામે જણાવેલ તારીખથી તેમની સેવાના અજમાયશી સમયના બે વર્ષ પૂરા થયેલ હોઈ, તેઓની જે તે તારીખથી તેમના હોદ્દા પર કાયમી નિમણૂંક આપવી.

૨૬. યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાઓની પરીક્ષાઓમાં સૌથી વધુ ગુણ મેળવતાં વિદ્યાર્થીઓને મેડલ/પારિતોષિક એનાયત કરવામાં આવે છે. પરીક્ષાઓ પૈકીની અમુક પરીક્ષાઓમાં એક કરતાં વધુ દાતાઓએ તેઓએ નકકી કરેલાં નામ અને શરતો આધિન મેડલ/પ્રાઈઝ આપવામાં આવે જ છે.

એક જ પરીક્ષામાં એક કરતાં વધુ મેડલ/પ્રાઈઝ એનાયત કરવા અંગે તા.૨૨–૯–૨૦૦૪ ના રોજ સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

" જે પરીક્ષા/વિષયમાં ગોલ્ડ મેડલ/પ્રાઈઝ અપાતાં હોય તેમાં નવા મેડલ/પ્રાઈઝની દરખાસ્ત/દાન સ્વીકારવાં નહીં. "

ઉપર્યુકત ઠરાવ અંગે પુનઃવિચારણા કરી તા.૪– ૨–૨૦૦૯ ના રોજની સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

" વહીવટી, મેડલ અને પારિતોષિક ખર્ચની પ્રવર્તમાન જોગવાઈ રદ કરવી અને વ્યાજની વધારાની રકમ મૂળ રકમમાં ઉમેરવી."

સિન્ડિકેટની તા.૪–૨–૨૦૦૯ ના રોજની સભાનો ઠરાવ જોતાં, એક જ પરીક્ષામાં એક કરતાં વધુ મેડલ/પ્રાઈઝ આપવાની દરખાસ્ત/દાન સ્વીકારવા કે નહીં. તે ઠરાવ પરથી ફલિત થતું ના હોય, વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એક જ પરીક્ષામાં એક કરતાં વધુ મેડલ/ પ્રાઈઝ/ દરખાસ્ત/ દાન આપવા કોઈ દાતા દ્વારા ઓફર કરવામાં આવે ત્યારે તે પરીક્ષા કે વિષયમાં અન્ય દાતા દ્વારા મેડલ/ પ્રાઈઝ દાન મળેલ હોય છતાં તે ઓફર/ દાન સ્વીકારવા.

૨૭. **B U T** તા.૨–૯–૦૬ ના ઠરાવ ક્રમાંકઃ ૩, એકેડેમિક કાઉન્સિલ તા.૫–૧૦–૨૦૦૬, ઠરાવ ક્રમાંકઃ ૩૭ તેમજ સિન્ડિકેટ તા.૧૭–૧૦–૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ ૧૫ થી મંજૂર થયેલ **O-Ph.D. 1 (I) >(i)** તથા **Ph.D.Rule No-3** માં સુધારો કરવા બાબત ડીન શ્રી ફેકલ્ટી ઓફ સાયન્સના તા.૧૧–૫–૨૦૦૯ ના પત્ર પર મા.કુલપતિશ્રીએ **B U T/Ac** વતી મંજૂર કરેલ તે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને જે તે ફેકલ્ટીમાં રીફર બેક કરવી.

૨૮. યુનિવર્સિટી સંલગ્ન બાબુભાઈ બી. અવિચળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ – ૨૦૧૦માં એફ. વાય. બી. કોમમાં ઓપ્સનલ વિષય સહકારના બદલે બેકિંગ અને વીમો દાખલ કરવાની પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૫ – ૪ – ૨૦૦૯ના પત્રાંક : ૧૪/ ૦૯થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નિર્ણય કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં M.Sc.(I.T.) & M.Sc.(ICT) ના કાર્યકારી નિયામકશ્રી એસ. વી. પટેલ દ્વારા તેઓના વિભાગમાં લેકચરર કમ પ્લેસમેન્ટ એકઝીકયુટીવની એક નિયમીત સ્વનિર્ભર ધોરણે જગા ઉભી કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં M.Sc.(I.T.) & M.Sc.(ICT) ના કાર્યકારી નિયામકશ્રી એસ. વી. પટેલ દ્વારા તેઓના વિભાગમાં લેકચરર કમ પ્લેસમેન્ટ એકઝીકયુટીવની એક નિયમીત સ્વનિર્ભર ધોરણે જગા ઉભી કરવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી.

વધુમાં, તે જગાના પગાર ધોરણ, લાયકાત ધોરણો અને નોકરીની શરતો અંગે નિર્ણય કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

૩૦. જી.એચ.ભકત મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને મેનેજમેન્ટ એકેડમી માટે ઉદાર હાથે રૂા. ૧,૫૧, ૦૦, ૦૦૦/– (રૂા. એક કરોડ એકાવન લાખ) દાન આપવા તા.૨૨–૫–૨૦૦૦ના રોજ એમ.ઓ.યુ. **(M.O.U.)** કર્યાનું કાર્ય જાણ સારૂ.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, દાન આપનાર દાતાને અભિનંદનનો ઠરાવ કરવો અને મા.કુલપતિશ્રીને અભિનંદન પાઠવવા.

૩૧. શ્રી મોરારજી દેસાઈ જન્મશતાબ્દિ સેવા પ્રતિષ્ઠાન (ટ્રસ્ટ) ના તા. ૨૮–૪–૨૦૦૯ના પત્ર અન્વયે સદર પ્રતિષ્ઠાન તથા યુનિવર્સિટી વચ્ચે **M.O.U.** (એમ.ઓ.યુ) કરવા અંગે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે **M.O.U.** (એમ.ઓ.યુ) કરવા રજીસ્ટ્રારશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા, શ્રી સંજયભાઈ દેસાઈ અને ડૉ. મીનૂભાઈ પરબીયા ને અભિનંદનનો પત્ર પાઠવવો.

વધુમાં, **M.O.U.** (એમ.ઓ.યુ) નો આખરી દસ્તાવેજ કરતા પૂર્વે દસ્તાવેજ બાબતના કાનૂની તજજ્ઞ પાસે આખરી મુસદ્દા મંજૂર કરાવી તે માટે જરૂરી કોર્ટ ફી વગેરે ખર્ચ કરવાની રજીસ્ટ્રારશ્રીને સત્તા આપવી.

૩૨. શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે નીચે દર્શાવેલ ટ્રસ્ટ/ કોલેજ દ્વારા તેની સામે દર્શાવેલ **<u>નવા જોડાણ</u>** મેળવવાની અરજી સંદર્ભે તા.૪–૨–૨૦૦૯ના રોજ મળેલ સિન્ડિકેટ સભાએ ઠરાવ ક્રમાંકઃ (૧૯) થી આપેલ સત્તાની રૂએ મા. કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા.૫–૫–૨૦૦૯ની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમ	ટ્રસ્ટ/ કોલેજનું નામ	અભ્યાસક્રમ	જોડાણનો સમયગાળો	એકેડેમિક કાઉન્સિલની તારીખ અને ભલામણ ક્રમાંક
૧.	ઈન્ટર હ્યુમન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ખોલવડ, જિ.: સુરત.	સ્વનિર્ભર બીસીએ	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૩)
૨.	ઈન્ટર હ્યુમન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ખોલવડ, જિ.: સુરત.	સ્વનિર્ભર બીબીએ	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૩૬)
૩.	વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત નવી બી.બી.એ. કોલેજ, ઉમરાખ, બારડોલી.	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૬)
૪.	વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત નવી બી.સી.એ. કોલેજ, ઉમરાખ, બારડોલી.	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૭)

			૦	
૫.	શ્રી એન.ડી.વસાવા વિદ્યાવિહાર કોલેજ ઓફ બી.એસ.ડબલ્યુ, માંડવી, સુરત	સ્વનિર્ભર બી.એસ.ડબલ્યુ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૩૫)
૬.	શ્રી ઉત્તર ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ઉત્તર ગુજરાત બી.બી.એ.	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૫૦)
૭.	શ્રી ઉત્તર ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ઉત્તર ગુજરાત બી.બી.એ.	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૫૧)
૮.	સી.એન. પરમાર બીસીએ કોલેજ, ઉદવાડા, વલસાડ	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૫૩)
૯.	નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજયુકેશન, ઉમરગામ,	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૫૪)

૧૦.	સરદાર પટેલ બીબીએ ગર્લ્સ કોલેજ, અમરોલી, સુરત.	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૫૬)
૧૧.	મેટાસ એડવેન્ટિસ્ટ કોલેજ, સુરત.	સ્વનિર્ભર બી.એસસી. (નર્સિંગ)	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૫૯)
૧૨.	મેટાસ એડવેન્ટિસ્ટ કોલેજ, સુરત.	સ્વનિર્ભર બી. ફીઝીયોથેરાપી	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૬૦)
૧૩.	ડો. સૌરભ જે. દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડોલીબેન દેસાઈ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સ,આમળપુર,નવસારી	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૬૨)
૧૪.	ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ, પાલનપુર, સુરત.	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૬૬)
૧૫.	ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ, પાલનપુર, સુરત.	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૬૭)
૧૬.	શ્રી નવચેતન એજયુકેશન સોસાયટી સંચાલિત નવી બીબીએ કોલેજ, વાલિયા	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૧૧)
૧૭.	એસ.એસ.અગ્રવાલ કોલેજ ઓફ આટર્સ, કોમર્સ અને મેનેજમેન્ટ, નવસારી	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૧૩)
૧૮.	આર્ટ એન્ડ આર્કિટેકચર એજયુકેશન એન્ડ રીસર્ચ ટ્રસ્ટ – પીપલોદ, સુરત "આર્ટ એન્ડ ઈન્ટિરીયર ડિઝાઈન" (સ્વનિર્ભર) કોલેજ, સુરત.	સ્વનિર્ભર આર્ટ એન્ડ ઈન્ટિરીયર ડિઝાઈન	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૧૭)
૧૯.	નવજાગૃતિ કોલેજ ઓફ સોશીયલ વર્ક, વ્યારા	સ્વનિર્ભર બી.એસ.ડબલ્યુ	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૧૮)
૨૦.	નર્સીંગ કોલેજ, ન્યુ સિવિલ હોસ્પીટલ,સુરત	સ્વનિર્ભર બેચલર ઓફ નર્સીંગ	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૨૧)
૨૧.	ગર્વન્મેન્ટ ફિઝિયોથેરાપી કોલેજ ,ન્યુ સિવિલ હોસ્પીટલ, સુરત	સ્વનિર્ભર બી.ફીઝીયોથેરાપી	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૨૪)
૨૨.	લેટ ડી. ડી. રદાડીયા બી.સી.એ. કોલેજ, કતારગામ, સુરત	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૨૫)
૨૩.	એમ.એલ.પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ, નાનપુરા, સુરત	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૨૬)
૨૪.	સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ કોલેજ, સુરત	સ્વનિર્ભર બી.કોમ. (ઓનર) કોર્ષ	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૧૪૦)
૨૫.	ઉત્સર્જન એજયુકેશન ટ્રસ્ટ, ઘોડદોડ રોડ, સુરત	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૬૩)

૨૬.	ઉત્સર્જન એજ્યુકેશન ટ્રસ્ટ, ઘોડદોડ રોડ, સુરત	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૬૪)
૨૭.	શ્રી સી.જે. પટેલ વિદ્યાધામ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ કોમર્સ કોલેજ, સુરત	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૬૮)
૨૮.	શ્રી સી.જે. પટેલ વિદ્યાધામ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ કોમર્સ કોલેજ, સુરત	સ્વનિર્ભર બી.કોમ. (કોમ્પ્યુટર)	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૬૯)
૨૯.	શ્રી સી.જે. પટેલ વિદ્યાધામ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ કોમર્સ કોલેજ, સુરત	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૭૦)
૩૦.	જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, પાંડેસરા, સુરત.	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૭૯)
૩૧.	જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, પાંડેસરા, સુરત.	સ્વનિર્ભર બી.એડ્.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૮૦)
૩૨.	જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, પાંડેસરા, સુરત.	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૮૧)
૩૩.	સરકારી વિજ્ઞાન કોલેજ, વાલોડ, જિ. તાપી	સ્વનિર્ભર બી.સી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૮૫)
૩૪.	રિવેરડેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ઈન્ફોમેર્શન સ્ટડીઝ, હની પાર્ક, રાંદેર રોડ, ભાઠા–અડાજણ રોડ, સુરત.	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૮૮)
૩૫.	વી.એસ.પટેલ,કોલેજ,બીલીમોરા	સ્વનિર્ભર બી.બી.એ.	૧૫–૬–૨૦૦૯ થી ૧૪–૬–૨૦૧૦	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૬૦)
૩૬.	એલ.ડી.ધાનાણી કોમર્સ કોલેજ, વેડ રોડ, સુરત.	સ્વનિર્ભર બી.કોમ.	**જોડાણ આપવા ભલામણ નથી.**	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૨૯)
૩૭.	શ્રી ગુરૂકૃપા કોલેજ ઓફ મેનેજમેન્ટ, વ્યારા	સ્વનિર્ભર બી.બી.એ.	**જોડાણ આપવા ભલામણ નથી.**	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૬૪)
૩૮.	શ્રી નિરંજન પ્રસાદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ	સ્વનિર્ભર બી.બી.એ.	**જોડાણ આપવા ભલામણ નથી.**	તા.૫–૫–૨૦૦૯ ક્રમાંકઃ (૬૫)

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત **<u>નવા જોડાણ</u>**ની બાબતો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે.

૩૨. ૧. **<u>એકેડેમિક કાઉન્સિલની તા.૫–૫–૨૦૦૯ની ભલામણ ક્રમાંકઃ (૧૩)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્ટર હ્યુમન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બીસીએ કોલેજ, સુરતની ની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૪–૨–૨૦૦૯નાં રોજ ઠરાવક્રમાંકઃ (૧૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ સ્વીકારવો તથા અહેવાલમાં જણાવેલ નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બીસીએ નું નવું જોડાણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

શરતો :–

(૧) આચાર્ય/અધ્યાપકો અને લાયબ્રેરીયનની, પ્રોગ્રામર, શા. શિ.ના અધ્યાપકની અને વહીવાટી કર્મચારીઓની નિમણૂંક સરકારશ્રીના નિયમનુસાર કરવામાં આવશે.

(૨) પુસ્તકાલયમાં રૂા. ૧,૨૫,૦૦૦/–ના પુસ્તકો તથા રૂા. ૨૫,૦૦૦/–ના મેગેઝિન/જર્નલ ખરીદવા.

(૩) બી.સી.એ.ના અભ્યસક્રમ માટે કાર્યાલયની સુવિધા ઉભી કરવી.

(૪) પૂર્ણ સગવડવાળી આચાર્ય અને સ્ટાફ રૂમની વ્યવસ્થા ઉભી કરવી.

<u>માળખાગત શરતો :–</u>

૧. યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂંક કરવામાં આવે.

૨. (૧) વર્ગ દીઠ નીચે મુજબ શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.
– ૦૨ કોમ્પ્યુટર વિષયના વ્યાખ્યાતા
– ગણિત, અંગ્રેજી નામાના ખંડસમયના વ્યાખ્યાતા

(૨) વર્ગદીઠ ૩૦ કોમ્પ્યુટર, ૦૧ પ્રિન્ટર, ઈન્ટરનેટ કનેકશન (લેન સાથે)

૩. વહીવટી સ્ટાફમાં નીચે મુજબની નિમણૂંકો કરવામાં આવે.

૧. સિનિયર કલાર્ક – ૧	૨. જુનિયર કલાર્ક – ૧
૩. પટાવાળા – ૨	૪. ચોકીદાર – ૧
૫. સ્વીપર – ૧	૬. કોમ્પ્યુટરઓપરેટર –૧

૪. સામયિકો અને દૃશ્ય – શ્રાવ્ય સાધનો માટે પ્રતિ વર્ષે રૂા. ૪,૦૦૦/–નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૫. કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.

૭. કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.

૧. વિદ્યાર્થી દીઠ ૮ ચો ફૂટ લેખે ક્ષેત્રફળવાળા જરૂરી અભ્યાસખંડો

૨. આચાર્યશ્રી માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) અલગ ખંડ

૩. ઓફિસ માટે જરૂરી ફર્નિચર અને અન્ય સુવિધાઓ સહિતનો ખંડ

૪. શિક્ષકો માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ

૫. વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ એકી સાથે બેસીને વાંચી શકે તેવો
વાંચનખંડ સહિતનો પુસ્તકો તથા પ્રવર્તમાન ફાર્માસ્યુટીકલ જર્નલ સાથેનો ખંડ.

૬. વિદ્યાર્થીનીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ

૭. પીવાના પાણી માટેનો ખંડ
૮. શૌચાલય વગેરેની પર્યાપ્ત સુવિધા
૯. ટયુટોરીયલ માટેનો જરૂરી ખંડ
૧૦. વિદ્યાર્થીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ

૬. કોલેજના આચાર્યશ્રી માટે કોલજની નજીક યુનિવર્સિટીના ધારાધોરણ અનુસારની સુવિધાઓ સહિતના ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૮. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલયના વિસ્તારમાં ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૯. ૧૦,૦૦૦ના ચો. મીટરનાં ક્ષેત્રફળવાળા રમત – ગમત મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૦. કોલેજના આચાર્યશ્રીઓને મંડળની સંચાલક સમિતિ પર હોદાગત સભ્ય બનાવવામાં આવે.

૧૧. યુનિવર્સિટીના ધારાધોરણો અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે દરેક શિક્ષક અને બિન શિક્ષક કર્મચારીઓને સમયસર પગાર અને અન્ય ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૧૨. યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ સ્ટાફની ભરતી કરવા માટે સરકારશ્રીની જે કંઈ મંજૂરી લેવાની આવશ્યકતા હોય તે મેળવવાની જવાબદારી કોલેજ/સંચાલક મંડળની રહેશે.

૧૩. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રો. ફંડ તથા ગ્રેજયુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

૧૪. શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પેન્શન, ગ્રેજયુઈટી ફંડ ઉભું કરવામાં આવે.

<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>

૧૫. (અ) ડીપોઝીટ અંગેની શરત :

૧. રાજય સરકાના ઠરાવ પ્રમાણે :

(૧) પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બાર લાખની ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાનાં સંયુકત નામે છ વર્ષ માટે રાષ્ટ્રટીયીકૃત બેંકમાં મૂકવાની રહેશે. મકાન ન બનાવનાર સંસ્થાએ પાંચ વર્ષ બાદ નિયમાનુસાર દંડ યુનિવર્સિટીને ભરવાનો રહેશે.

(૨) કોલેજના કર્મચારીઓના પગાર –ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડીપોઝીટ તરીકે છ વર્ષ માટે તથા પાકતી મુદતે વ્યાજ સહિત તે રીન્યુ કરવાની રહેશે.

(બ) ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા ધ્વારા નિયત સમય – મર્યાદામાં પરીપાલન કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી ધ્વારા જપ્ત કરવામાં આવશે.

(ક) જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું " ના વાંધા પ્રમાણપત્ર" કે "સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી" મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

(૬) રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી વિના સંસ્થા વિદ્યાર્થીપ્રવેશ આપી શકશે નહી અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

(૬) નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા. ૨૧–૨–૨૦૦૧ના ઠરાવ ક્રમાંક : યજન/ ૧૦૨૦૦૧/ (૨૮)/ ખ – ૧ માં નમૂના – ક પ્રમાણેનું રૂા. ૫૦/–ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામું ફર્સ્ટકલાસ ફિકસ્ડ ડીપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

૧૬. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૧૭. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૬,૦૦,૦૦૦/–(છ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે.

૧૮. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા)ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૧૯. ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૨૦. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.

૨૧. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૨૨. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૨૫% રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવવામાં આવે.

૨૩. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૨૪. વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.

૨૫. ઓછામાં ઓછા ૨૫૦ પુસ્તકો ખરીદવા.

૨૬. ઓછામાં ઓછા ૨૦ સામયિકોનું લવાજમ ભરવું.

૨૭. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામતનિતિને અનુસરવાની રહેશે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૫ – ૫ – ૨૦૦૯ની ઉપરોકત ભલામણ ક્રમાક : ૧૩ને સ્વીકારવી નહી.

૩૨. ૨. **<u>એકેડેમિક કાઉન્સિલની તા.૫–૫–૨૦૦૯ની ભલામણ ક્રમાંકઃ (૩૬)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્ટર હ્યુમન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બીબીએ કોલેજ, સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૪–૨–૨૦૦૯નાં રોજ ઠરાવક્રમાંકઃ (૧૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ સ્વીકારવો તથા અહેવાલમાં જણાવેલ શરતોને આધિન શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૯–૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું નવું જોડાણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

<u>શરતો :–</u>

(૧) **આચાર્ય/અધ્યાપકો અને લાયબ્રેરીયનની, પ્રોગ્રામર, શા. શિ.ના અધ્યાપકની અને વહીવાટી કર્મચારીઓની નિમણૂંક સરકારશ્રીના નિયમનુસાર કરવામાં આવશે.**

(૨) **પુસ્તકાલયમાં રૂા. ૧,૨૫,૦૦૦/–ના પુસ્તકો તથા રૂા. ૨૫,૦૦૦/–ના મેગેઝિન/જર્નલ ખરીદવા.**

(૩) **બી.બી.એ.ના અભ્યસક્રમ માટે કાર્યાલયની સુવિધા ઉભી કરવી.**

(૪) **પૂર્ણ સગવડવાળી આચાર્ય અને સ્ટાફ રૂમની વ્યવસ્થા ઉભી કરવી.**

<u>માળખાગત શરતો :–</u>

૧. **યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂંક કરવામાં આવે.**

૨. (૧) **વર્ગ દીઠ શૈક્ષણિક સ્ટાફમાં નીચે મુજબ નિમણૂંક કરવામાં આવે.**
– **૦૨ મેનેજમેન્ટ વિષયના વ્યાખ્યાતા**
– **કોમ્પ્યુટર, ગણિત,અંગ્રજી અને નામું વિષય માટે મુલાકાતી વ્યાખ્યાતા.**

(૨) **વર્ગ દીઠ ૧૫ કોમ્પ્યુટર, ૦૧ પ્રિન્ટર, ઈન્ટરનેટ કનેકશન સાથે.**

૩. **યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.**

૪. **બિનશૈક્ષણિક સ્ટાફમાં નીચે મુજબની નિમણૂંકો કરવામાં આવે.**

૧.	**સીનિયર કલાર્ક – ૧**	**૨.**	**જુનિયર કલાર્ક – ૨**
૩.	**પટાવાળા – ૨**	**૪.**	**ચોકીદાર – ૧**
૫.	**સ્વીપર – ૧**	**૬.**	**કોમ્પ્યુયર ઓપરેટર – ૧**

૫. **ગ્રંથાલયમાં રૂા. ૧,૦૦,૦૦૦/– ના પુસ્તકોનો વસાવવા અને વિષય દીઠ ફાળવણી કરવી.**

૬. **પુસ્તકો–સામયિકો અને દૃશ્ય–શ્રાવ્ય સાધનો માટે પ્રતિ વર્ષે રૂા. ૪,૦૦૦/–નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.**

૭. **કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.**
૧. **વિદ્યાર્થી દીઠ ૮ ચો ફૂટ લેખે ક્ષેત્રફળવાળા જરૂરી અભ્યાસખંડો**
૨. **આચાર્યશ્રી માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) અલગ ખંડ,ટીલીફોન, કોમ્પ્યુટર, ફેકસ, પ્રિન્ટર સાથે**
૩. **ઓફિસ માટે જરૂરી ફર્નિચર અને અન્ય સુવિધાઓ સહિતનો ખંડ**
૪. **શિક્ષકો માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ**
૫. **વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ એકી સાથે બેસીને વાંચી શકે તેવો**

વાંચનખંડ સહિતનો પુસ્તકો તથા પ્રવર્તમાન ફાર્માસ્યુટીકલ જર્નલ સાથેનો ખંડ.

૬. વિદ્યાર્થીનીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ

૭. પીવાના પાણી માટેનો ખંડ

૮. શૌચાલય વગેરેની પર્યાપ્ત સુવિધા

૯. વિદ્યાર્થીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ

૮. કોલેજના આચાર્યશ્રી માટે કોલજની નજીક યુનિવર્સિટીના ધારાધોરણ અનુસારની સુવિધાઓ સહિતના ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૯. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૧૦. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલયના વિસ્તારમાં ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૧. ૧૦,૦૦૦ના ચો. મીટરનાં ક્ષેત્રફળવાળા રમત – ગમત મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૨. યુનિવર્સિટીના ધારાધોરણો અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે દરેક શિક્ષક અને બિન શિક્ષક કર્મચારીઓને સમયસર પગાર અને અન્ય ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૧૩. રૂા. ૫,૦૦,૦૦૦/(પાંચ લાખ)ની રકમ રોકડમાં અને તેટલી જ રકમની અસ્કયામતોનો આધાર રજૂ કરવામાં આવે અને સદરહુ અસ્કયામતો ઋણમુકત છે, તે મતલબનું ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે.

૧૪. યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ સ્ટાફની ભરતી કરવા માટે સરકારશ્રીની જે કંઈ મંજૂરી લેવાની આવશ્યકતા હોય તે મેળવવાની જવાબદારી કોલેજ/સંચાલક મંડળની રહેશે.

૧૫. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રો. ફંડ તથા ગ્રેજયુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

૧૬. શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પેન્શન, ગ્રેજયુઈટી ફંડ ઉભું કરવામાં આવે.

<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>

૧૭. (અ) ડીપોઝીટ અંગેની શરત :

૧. રાજય સરકાના ઠરાવ પ્રમાણે :

(૧) પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનાું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બાર લાખની ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાનાં સંયુકત નામે છ વર્ષ માટે રાષ્ટ્રટીયીકૃત બેંકમાં મૂકવાની રહેશે. મકાન ન બનાવનાર સંસ્થાએ પાંચ વર્ષ બાદ નિયમાનુસાર દંડ યુનિવર્સિટીને ભરવાનો રહેશે.

(૨) કોલેજના કર્મચારીઓના પગાર –ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડીપોઝીટ તરીકે છ વર્ષ માટે તથા પાકતી મુદતે વ્યાજ સહિત તે રીન્યુ કરવાની રહેશે.

(બ) ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા ધ્વારા નિયત સમય – મર્યાદામાં પરીપાલન કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી ધ્વારા જપ્ત કરવામાં આવશે.

(ક) જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું " ના વાંધા પ્રમાણપત્ર" કે

''સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી'' મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

(ડ) રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી વિના સંસ્થા વિદ્યાર્થીપ્રવેશ આપી શકશે નહી અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

(ઇ) નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા. ૨૧–૨–૨૦૦૧ના ઠરાવ ક્રમાંક : યજન/૧૦૨૦૦૧/(૨૮)/ખ–૧ માં નમૂના – ક પ્રમાણેનું રૂા. ૫૦/–ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામું ફર્સ્ટકલાસ ફિકસ્ડ ડીપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

૧૮. ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા ધ્વારા નિયત સમય–મર્યાદામાં કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી ધ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૯. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું '' ના વાંધા પ્રમાણપત્ર '' કે ''સૈધ્ધાતિક '' પૂર્વ મંજુરી મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશ રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજુરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહિ અને છતાં આપવામાં આવશે તો તેગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૨૩. નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા. ૨૧–૧૨–૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃયજન/૧૦૨૦૦૧/(૨૮)/ખ–૧માં નમૂના – ક પ્રમાણેનું રૂા. ૫૦–૦૦ ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામું ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા નોટરી સમક્ષ કરી મૂકવામાં આવેલ વિવિધ ફિકસ્ડ ડીપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

૨૪. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા/કલેજને બંધનકર્તા રહેશે.

૨૫. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલા વિદ્યાશાખા દીઠ રૂપિયા ૬,૦૦,૦૦૦/– (છ લાખ પૂરા) ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહીત રીન્યુ કરાવવાની રહેશે.

૨૬. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂપિયા ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા) ની રોકડમાં,બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂપિયા ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા) ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૨૭. ડીપોઝીટની શરત અન્વયેની મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીને રજૂ કરવું.

૨૮. કોલેજ શરૂ કરતા પહેલા મંડળ પાસે રૂપિયા ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ પૂરા) નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.

૨૯. કોલેજમાં ઈમેઈલ/ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૩૦. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાની રહેશે.

૩૧. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યગઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમનાં ૧૨૫% રકમ યુનિવર્સિટી માં જમા કરાવવામાં આવે.

૩૨. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા – ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૩૩. ઓછમાં ઓછા ૨૫૦ પુસ્તકો ખરીદવા.

૩૪. ઓછમાં ઓછા ૨૫૦ સામયિકો ખરીદવા.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૫ – ૫ – ૨૦૦૯ની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૩૬ને સ્વીકારવી નહી.

૩૨. ૩. **<u>એકેડેમિક કાઉન્સિલની તા.૫–૫–૨૦૦૯ની ભલામણ ક્રમાંકઃ (૧૬)</u>**

